અનુસૂચિત જાતિના ઉમેદવારોને હાઇસ્કીલ
અપગ્રેડેશન તાલીમ આપવા બાબત.
નવી બાબત. રૂ.૧૦૦૦.૦૦ લાખ.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:અજક-૧૦૨૦૧૦-ન.બા.૧૯- ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: - -૨૦૧૦.
2 8 APR 2010

વંચાણમાં લીધા:

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૨-૧-૨૦૧૦ નો પત્ર ક: અજાક- સંકલન-ન.બા.૨૦૧૦-૧૧-૧૦૬.

ઠ રા વ:-

અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે હાઇસ્કીલ અપગ્રેડેશન તાલીમ આપી ઉમેદવારોને રોજગારી આપી આર્થીક રીતે પગભર કરી શકાય તે હેતુથી અને નોકરી મેળવી શકે તે હેતુથી આધુનિક યુગમાં ઉભા થતા નવા ક્ષેત્રો જેવા કે ઓટોમોબાઇલ, બાંધકામ, માહિતી અને પ્રાદ્યોગિકી(આઇ.ટી) બી.પી.ઓ. રીટેઇલ મેનેજમેન્ટ, કૃષિ અને અન્ય વ્યવસાયો માટે અનુસૂચિત જાતિના ૭૫૦૦ ઉમેદવારોને હાઇસ્કીલ અપગ્રેડેશન તાલીમ આપવાની યોજનાની નવી બાબત વર્ષ ૨૦૧૦-૧૧ માં શરૂ કરવા માટે રૂ.૧૦૦૦.૦૦ લાખની નવી બાબત વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિની હાઇસ્કીલ અપગ્રેડેશન તાલીમ આપવા અંગેની રૂ.૧૦૦૦.૦૦ લાખનો ખર્ચ કરવાની નવી બાબતને નીચેની શરતોએ આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૧૦-૧૧ ની જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) આ અંગે રાજય સરકારની તાલીમ અંગેની પ્રવર્તમાન નીતિનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૪) કોમ્પ્યુટરની તાલીમ માટે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ ધ્વારા માન્ય સંસ્થા ધ્વારા તાલીમ લેવાની રહેશે. અન્ય તાલીમ માટે જે તે વિભાગ ધ્વારા માન્ય સંસ્થા / સરકારી સંસ્થામાંથી તાલીમ મેળવવાની રહેશે.

(૫) પ્રસ્તુત હાઇસ્કીલ અપગ્રેડેશન તાલીમ પ્રોજેક્ટ અંગેની કામગીરી ઇ-ટેન્ડરીંગ ધ્વારા અમલવારી કરવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ અંદાજપત્રના સદર માંગણી ક્રમાંકઃ ૯૨, મુખ્ય સદરઃ ૨૨૨૫ અનુસચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર – ૦૧ – ગૌણ સદર – ૨૭૭ શિક્ષણ પેટા સદર બીસીકે- ૩૫- અનુ.જાતિના ઉમેદવારો માટે જોબ ઓરિએન્ટેડ હાઇસ્કીલ અપગ્રેડેશન તાલીમ પ્રોજેક્ટ હેઠળ થયેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૨-૪-૨૦૧૦ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આર.યુ.ખત્રી )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
નકલ રવાના:
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.અને અધિ.વિ.), સચિવાલય, ગાંધીનગર
તમામ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ/ જિલ્લા પંચાયત
સબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
સબંધિત આશ્રમશાળાઓ(નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ મારફત)
સેકશન અધિકારીશ્રી, અ.૧, બ, જ-શાખા, સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સિલેકટ ફાઇલ.